આંગણવાડી ખાતે લાભાર્થીઓ સાથે ગ્રામજનોના સહભાગથી સમુદાય આધારિત પ્રવૃત્તિઓ (Community Based Events) નું આયોજનના ભાગરૂપે ચાર મંગળવાર (દર મહિને) મંગળ દિવસની ઉજવણી

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૮/૧૫૧૩/બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૩ -૦૮-૨૦૧૮

આમુખ:

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા સુપોષિત ભારતના સપનાને સાકર કરવા માટે પોષણ અભિયાન હેઠળ જનસમુદાયની ભાગીદારીને અગત્યતા આપવામાં આવેલ છે. જેની માટે ભારત સરકાર દ્વારા જન આંદોલન અને સમુદાય આધારીત પ્રસંગોની ઉજવણી કરવા અંગેની માર્ગદર્શિકા પ્રકાશિત કરવામાં આવેલ છે. જેમાં જુદા જુદા વિષયોને આધારીત થીમ જેમ કે ગોદ ભરાઈ, અન્નપ્રાશન દિવસ, સુપોષણ દિવસ, ૩ વર્ષ પૂર્ણ કરેલ બાળકનો આંગણવાડીમાં પ્રવેશ, હાથ ધોવાની રીત અને સ્વછતાનો સમાવેશ કરવામાં આવેલ છે.

ઠરાવ:

પોષણ અભિયાન સમુદાયોના વર્તનમાં પરિવર્તન પ્રેરે છે જેથી માતૃત્વલક્ષી અને બાળકોના પોષણ સ્તરમાં સુધારો કરી શકાય. વર્તન પરિવર્તન પ્રત્યાયન (બી.સી.સી.)ને લગતા કાર્યક્રમો સૌથી બળવાન અને પાયાના માનવ સંવાદ – પ્રત્યાયન- નો ઉપયોગ કરે છે જેથી આરોગ્ય અને સુખાકારીના સામાજિક પરિપેક્ષને હકારાત્મક અસર પહોંચાડી શકાય. સામુદાયિક પ્રસંગોની પરિકલ્પના જરૂરી સંદેશાઓ પહોંચાડવા માટે તેમજ સગર્ભા તથા ધાત્રી માતાઓને યોગ્ય આરોગ્ય અને પોષણલક્ષી વર્તનો તેમજ તંદુરસ્ત આરોગ્યલક્ષી ટેવો વિશે સંપરામર્શ આપવા માટે કરવામાં આવી છે. તે લાભાર્થી, સમુદાયના પ્રતિનિધિઓ અને ફેસિલિટેટરો વચ્ચે સામ-સામે સંવાદ કરવાની તક આપે છે. આ ઉપરાંત, તે એવું ફોરમ આપે છે કે જેમાં સામુદાયિક મદદ મેળવીને સગર્ભા મહિલા અને માતાઓને સૂચિત વર્તન અપનાવવા પ્રેરિત અને સમર્થ કરી શકાય છે.

ગુજરાત સરકાર દ્વારા આઇસીડીએસના લાભાર્થી અને સમુદાયના લોકોના વર્તનમાં પરીવર્તન લાવવા તેમજ સમુદાયની સામેલગીરી થકી જન આંદોલન સ્વરૂપે મહિનામાં ૪ મંગળવારની ઉજવણી કરાવનું નક્કી કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે:

૧. સુપોષણ સંવાદ- પ્રથમ મંગળવાર
૨. બાળતુલા દિવસ- બીજો મંગળવાર
૩. અન્નપ્રાશન અને બાલ દિવસ- ત્રીજો મંગળવાર
૪. અન્નવિતરણ અને પૂર્ણા દિવસ- ચોથો મંગળવાર

<u>શરતો:</u>

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો – વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાઆં કરવાનો રહેશે.
૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
૩. આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી સકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
૭. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાંજો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાનો રહેશે.
૮. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
૯. આ કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા. ૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્ર: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું તથા તે અંગેની વખતો-વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
૧૦. આ મંજૂરી અન્વયે જો કોઇપણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

ઉપરોક્ત ચારેય મંગળ દિવસોની ઉજવણી અને નાણાકીય જોગવાઈની વિગત નીચે મુજબ છે

| ક્રમ | મંગળવાર | મંગળ દિવસ ઉજવણીની વિગત | લાભાર્થી અને હેતુ | નાણાકીય જોગવાઈ અને સદર |
|---|---|---|---|---|
| ૧ | પ્રથમ મંગળવાર | સુપોષણ સંવાદ | • સગર્ભા અને ધાત્રી માતાઓ માટે<br>• IYCN Practices ની સાચી પધ્ધતિ અને માતાઓ પડતી મુશ્કેલીયો બાબતે જુથ ચર્ચા | • રૂ.૧૫૦ (રૂ. ૫૦- નાસ્તા માટે અને રૂ.૧૦૦/- જુથ પ્રેરક માટે પ્રોત્સાહક રકમ) પ્રતિ માસ પ્રતિ આંગણવાડી<br>• સુપોષણ સંવાદની ગ્રાન્ટ માંથી<br>**માંગણી નંબરઃ**- ૧૦૬<br>**મુખ્ય સદરઃ**- ૨૨૩૬<br>**પેટા મુખ્ય સદરઃ**- ૦૨-પોષણ, ખાદ્ય અને પીણાંની વહેચણી<br>**ગૌણ સદરઃ**- ૮૦૦ (અન્ય ખર્ચ)<br>**પેટા સદરઃ**- ૦૨ એન.ટી.આર. (૨) સંકલિત બાળ વિકાસ યોજના |
| ૨ | બીજો મંગળવાર | બાલ તુલા | • તમામ બાળકો અને કિશોરીઓ માટે<br>• સમુદાયની હાજરીમાં બાળકોનું અને કિશોરીઓનું વજન અને ઊંચાઈ તેમજ તેના આધારે પોષણ સ્તર અંગે સમજ | • રૂ. ૧૦૦ પ્રતિ માસ<br>• પોષણ અભિયાનની ગ્રાન્ટ માંથી<br>**માંગણી નંબર**: ૧૦૬ (આયોજન)<br>**મુખ્ય સદર**: ૨૨૩૬ (પોષણ)<br>**પેટા મુખ્ય સદર**: ૦૨-પોષણ ખાધ્ય અને પીણાંની વહેંચણી<br>**ગૌણ સદર**: ૮૦૦ (અન્ય ખર્ચ)<br>**પેટા સદર**: ૦૧ (સ્ટેટ) એન.ટી.આર-૧૮ સંકલિત બાળ વિકાસ યોજના |
| 3 | ત્રીજો મંગળવાર | અન્નપ્રાશન અને બાલ દિવસ | • તમામ બાળકો માટે<br>• ઉપરી આહારની શરૂઆત અને તેના મહત્વ વિશે સમજણ<br>• બાળકોના સર્વાંગિક વિકાસ માટે ચર્ચા | • રૂ. ૧૫૦ પ્રતિ માસ<br>• પોષણ અભિયાનની ગ્રાન્ટ માંથી<br>**માંગણી નંબર**: ૧૦૬ (આયોજન)<br>**મુખ્ય સદર**: ૨૨૩૬ (પોષણ)<br>**પેટા મુખ્ય સદર**: ૦૨-પોષણ ખાદ્ય અને પીણાંની વહેંચણી<br>**ગૌણ સદર**: ૮૦૦ (અન્ય ખર્ચ)<br>**પેટા સદર**: ૦૧ (સ્ટેટ) એન.ટી.આર-૧૮ સંકલિત બાળ વિકાસ યોજના |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | ચોથો મંગળવાર | અન્ન વિતરણ અને પૂર્ણા દિવસ | • તમામ લાભાર્થીને અન્ન વિતરણ<br>• કિશોરીઓ માટે આરોગ્ય અને પોષણ શિક્ષણ | • **કુલ રૂ.૨૦૦ પ્રતિ માસ**<br>• ઉપરોક્ત પૈકી રૂ. ૧૦૦/-નો ખર્ચ SAG યોજનાની નોન-ન્યૂટ્રીશન કમ્પોનન્ટની મંજૂર થયેલ ગ્રાન્ટ માંથી કરવાનું રહેશે<br>• તેમજ રૂ. ૧૦૦/-નો ખર્ચ PURNA યોજનાની નોન-ન્યૂટ્રીશન કમ્પોનન્ટની મંજૂર થયેલ ગ્રાન્ટ માંથી કરવાનું રહેશે |

મંગલ દિવસની ઉજવણી માટેની વિગતવાર માર્ગદર્શિકા ઉપર મુજબ નક્કી કરવામાં આવેલ નાણાંકીય મર્યાદા અને શરતોને આધીન કમિશ્નરશ્રી (મહિલા અને બાળ વિકાસ) દ્વારા તૈયાર કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ,સચિવાલય, ગાંધીનગર
માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ અને મ્યુનિસિપલ કમિશ્નરશ્રી
તમામ પ્રોગ્રામ અધિકારીશ્રીઓ (જીલ્લા પંચાયત અને મ્યુ. કોર્પોરેશન)
સિલેક્ટ ફાઇલ